# ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ – ૧૪૪ હેઠળ

નંબર.એમએજી/સીઆરપીસી/રજી./૫૮૨/૨૦૧૮ તા.૦૭ /૦૭/૨૦૧૮

જિલ્લામાં આવેલ તમામ હોટલો,લોજ,ગેસ્ટ હાઉસ અને અન્ય જાહેર જગ્યા ઉપર જે માણસો આવીને રોકાણ કરે છે. તેમના નામ, સરનામું, ટેલીફોન નંબર,મોબાઈલ નંબર ગેસ્ટ રજીસ્ટરમાં લખવામાં આવે છે. હાલના સંજોગોમાં જરૂરી બનેલ છે કે, જે મુસાફરો રાત્રી રોકાણમાં આવે છે. તે જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર,વાહનનો રજીસ્ટ્રેશન નંબર તથા પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ ગેસ્ટ રજીસ્ટરમાં લખવામાં આવે તે મુજબની વ્યવસ્થા કરવાનું ઈષ્ટ જણાય છે. તેમજ આવનાર પ્રવાસી પાસેથી તેમની ઓળખાણનો પુરાવો (ઝેરોક્ષ કોપી) લઈ, ફાઈલ માસ વાર બનાવવાની રહેશે. આથી આવી વ્યવસ્થા કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ – ૧૪૪ મુજબ કાર્યવાહિ કરવાનું જરૂરી જણાય છે. અને તેવો મારો અભિપ્રાય થાય છે.

તેથી હું ટી.કે.ડામોર (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ–આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ –૧૯૭૩ ની કલમ – ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,ડાંગ જિલ્લામાં આવેલ તમામ હોટલ,ગેસ્ટ હાઉસ, લોજ તથા રોકાણ માટેની અન્ય જાહેર જગ્યાના સંચાલકશ્રી / માલીકશ્રીઓએ તેઓના હોટલ,લોજ,ગેસ્ટ હાઉસ અને અન્ય જાહેર જગ્યા ઉપર જે માણસો, મુસાફરો,વ્યકિત આવીને રોકાણ કરે તેમના તમામના નામ,સરનામું, ટેલીફોન નંબર,મોબાઈલ નંબરની વિગત ઉપરાંત આવનાર પ્રવાસી પાસેથી તેમની ઓળખાણનો ફોટાવાળો પુરાવો (ઝેરોક્ષ કોપી) લઈ, ફાઈલ માસ વાર બનાવવાની રહેશે, તે વ્યકિતઓ,મુસાફરો, માણસો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, વાહનનો રજીસ્ટ્રેશન નંબર તથા પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબની તમામ વિગતો મેળવી તેની નોંધ હોટલ / લોજ / ગેસ્ટ હાઉસ અન્ય જાહેર જગ્યાના ગેસ્ટ રજીસ્ટર / રજીસ્ટરમાં ફરજીયાત કરાવવાની રહેશે. તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ડાંગ જિલ્લાનાં સાપુતારા ગીરીનગર નોટીફાઈડ એરીયા સહિત સમગ્ર ડાંગ જિલ્લાનાં મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

આ હુકમ તે કર્યાની તારીખથી બે મહિના સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૭ /૦૭/૨૦૧૮ નાં રોજ મારી સહી / સિકકો કર્યો.

( ટી.કે.ડામોર )
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ- આહવા

## ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ – ૧૪૪ હેઠળ

નંબર.એમએજી/સીઆરપીસી/રજી.[illegible]/૨૦૧૮ તા.૭ /૦૭/૨૦૧૮

પ્રતિ,

જાહેર જનતા જોગ.

મને જાણવામાં / બતાવવામાં આવેલ છે કે, ડાંગ જિલ્લામાં વઘઈ–સાપુતારા રાજ્ય ધોરીમાર્ગ ઉપર ચોમાસા ઋતુ દરમ્યાન પ્રવાસીઓની સંખ્યાઓમાં ઘણો ધસારો રહેતો હોવાથી સદર માર્ગ ઉપર પ્રવાસીઓ તેમજ અન્ય વાહન ચાલકો રસ્તાની બાજુમાં તેઓનાં વાહનો પાર્ક કરી મોબાઈલમાં સેલ્ફી લેવાનો ક્રેઝમાં વધારો થયેલ હોય તેઓના વાહનો રસ્તાની બાજુમાં પાર્ક થવાથી માર્ગ અકસ્માત થવાની ઘણી સંભાવનાઓ રહેલ છે. તેમજ માર્ગમાં ટ્રાફિકનું પણ અડચણ ઉપસ્થિત થાય છે. જેથી વઘઈ–સાપુતારા રાજ્ય ધોરીમાર્ગ ઉપર રસ્તાની બાજુમાં ગમે ત્યાં વાહન પાર્ક કરવા તથા સેલ્ફી લેવા ઉપર પ્રતિબંધ મુકવુ અતિ આવશ્યક જણાતુ હોય ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ – ૧૪૪ મુજબ કાર્યવાહિ કરવા મારો અભિપ્રાય થાય છે.

તેથી હું ટી.કે.ડામોર (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ–આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ –૧૯૭૩ ની કલમ – ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં વઘઈ–સાપુતારા રાજ્ય ધોરીમાર્ગ ઉપર ચોમાસા ઋતુ દરમ્યાન સદર માર્ગ ઉપર પ્રવાસીઓ તેમજ અન્ય વાહન ચાલકો રસ્તાની બાજુમાં તેઓનાં વાહનો પાર્ક કરી મોબાઈલમાં સેલ્ફી લેવા તથા તેઓના વાહનો રસ્તાની બાજુમાં પાર્ક કરવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ડાંગ જિલ્લાનાં સાપુતારા ગીરીનગર નોટીફાઈડ એરીયા સહિત સમગ્ર ડાંગ જિલ્લાનાં મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

આ હુકમ તે કર્યાની તારીખથી બે મહિના સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૭ /૦૭/૨૦૧૮ નાં રોજ મારી સહી / સિકકો કર્યો.

(ટી.કે.ડામોર)

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

ડાંગ-આહવા

## ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ – ૧૪૪ હેઠળ

નંબર.એમએજી/વશી ૨૮૫૦૫/૫૬૪ /૨૦૧૮ તા.૦૭ /૦૭/૨૦૧૮

રાજય/જિલ્લામાં બનતા ગુન્હાઓમાં બજારમાં મોબાઇલ ફોનનાં સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજના આધારે પણ સીમકાર્ડ મેળવે છે. સ્થાનિક **STD /PCO** ઉપરથી બનાવટી કોલ ( **FAKE CALL** ) દ્વારા ધમકી આપવા, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધવા પામેલ છે. જેથી આવા કિસ્સા અટકાવવા તથા ગુનેગારોને પકડવામાં સરળતા રહે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ કાર્યવાહિ કરવાનું જરૂરી જણાય છે. અને તેવો મારો અભિપ્રાય થાય છે.

તેથી હું ટી.કે.ડામોર (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ–આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ –૧૯૭૩ ની કલમ – ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

ડાંગ જિલ્લામાં આવેલ તમામ **STD /PCO** ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતા દ્વારા મોબાઇલનાં સીમકાર્ડ વેચતી વખતે ખરીદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણનાં પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવામાં આવે છે કે કેમ? તે બાબતે અવાર નવાર **DCB/ SOG/ LCB** દ્વારા ચકાસવા અને ગેર કાયદેસર જણાયે તેઓ વિરૂધ્ધ કાયદેસરનાં પગલાં ભરવા જણાવવામાં આવે છે.

શહેર/જિલ્લા કક્ષાએ કાયદો અન એવ્યવસ્થાની જાળવણીનાં હેતુસર તમામ **STD /PCO** ધારકોએ કોલરની આઇડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઇલનાં નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાંની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ડાંગ જિલ્લાનાં સાપુતારા ગીરીનગર નોટીફાઈડ એરીયા સહિત સમગ્ર ડાંગ જિલ્લાનાં મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

આ હુકમ તે કર્યાની તારીખથી બે મહિના સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૭ /૦૭/૨૦૧૮ નાં રોજ મારી સહી / સિકકો કર્યો.

( ટી.કે.ડામોર )
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ- આહવા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ આહવા